**વડીલોને વંદન**
**અભિનંદન**



હિતૈષી જીતેન્દ્રકુમાર ભટ્ટ
(૧૯૪૯)ફોન:૨૩૨૪૩૦૬૬

# ગુડાની આવાસ યોજના અન્વયે ૮ હજાર ફોર્મનું વેચાણ થયું

## ફોર્મ મેળવવા માટે આજે છેલ્લો દિવસ

ગાંધીનગર, તા.૨૮

ઓછી આવક ધરાવતા નાગરિકોને માથે છત મળી રહે તે માટે ગુડા દ્વારા શુભ-લાભ આવાસ યોજનાનું કામ હાથ ધરાયું છે. જયારે આવાસની ફાળવણી અન્વયે અત્યાર સુધીમાં ૮ હજાર ફોર્મનું વેચાણ થયુ છે. ફોર્મ મેળવવા માટે આજે છેલ્લો દિવસ હોવાથી ભીડ થવાની સંભાવના છે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વાર્ષિક ૨.૮૦ લાખથી ઓછી આવક ધરાવતા પરિવારો માટે ખાસ આવાસ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. પ્રાથમિક તબક્કે ગુડા દ્વારા ૨ હજાર લાભાર્થીઓને સમાવી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. ૩૬ ચો.મી.ના આ આવાસો માટે માત્ર ૭.૩૦ લાખ રૂપિયાની કિંમત નક્કી કરવામાં આવી છે. જ્ઞાતિવાદ વગર વાર્ષિક રૂ. ૨.૫૦ લાખથી ઓછી આવક ધરાવતા હોય તેવા નાગરિકોને ડ્રો સિસ્ટમના આધારે આવાસની ફાળવણી કરવામાં આવનાર છે. ફોર્મ વિતરણની કામગીરી શરૂ થયા બાદ મહીનાના અંતે ગુડા તેમજ વિવિધ બેંક શાખાઓ દ્વારા ૮ હજાર જેટલા ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. જયારે શનિવારે ફોર્મ વિતરણ માટેનો છેલ્લો દિવસ છે. આગામી તા. ૩૧ જુલાઈ સુધીમાં આવાસ યોજનાના ફોર્મ ભરીને પરત કરવા પણ ગુડાના તંત્ર દ્વારા જણાવાયું છે. જયારે આવાસ યોજનાની આ સ્કીમ બાદ ગુડા દ્વારા મોટા આવાસ બાંધવાનું કામ પણ હાથ ધરવામાં આવશે.




ત્રિમૂર્તિ દત્ત મંદિરના ૨૯મા પાટોત્સવનો પ્રારંભ થયો છે. શુક્રવારે દહેગામ તાલુકાના હાથીજણ ગામેથી પાલખી, ધજા સાથે નીકળેલી પદયાત્રા શનિવારે મંદિર ખાતે પહોંચી રહી છે. અહીં ધજારોહણ બાદ દત્તયાગનો પ્રારંભ થશે. ઉજવણી માટે મંદિર સાજ સજીને તૈયાર બેઠું છે. (તસવીર : દીપક જાની)

# શહેર પેન્શનર્સ સમાજ સે-૨ની બેઠક યોજાઈ

## ઉત્તરાખંડના વિનાશક પુરમાં દિવંગત થયેલાઓને શ્રધ્ધાંજલિ અપાઈ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર પેન્સનર્સ સમાજ સેકટર-૨ની માસિક બેઠક તાજેતરમાં યોજાઈ હતી. બેઠકમાં ઉત્તરાખંડના વિનાશક પૂરમાં જે યાત્રિકો દિવંગત થયા છે તેમના માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી તથા બેઠકની આગળની કાર્યવાહી સભ્યો દ્વારા હાથ ધરાઈ હતી અને જરુરી પ્રશ્નોની ચર્ચા અને સ્પષ્ટતા કરાઈ હતી.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની સે-૨માં નિવાસ કરતા પેન્શનર મિત્રોની માસિક બેઠક તાજેતરમાં સરકારી દવાખાના સામેના બગીચામાં સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિ, કાર્યકારી પ્રમુખ જયંતભાઈ ભટ્ટ, મહામંત્રી કે.ઓ. વ્યાસ તેમજ કાર્યવાહક સમિતિના સર્વશ્રી નિરંજન ઓઝા, ડી.પી. સંઘાણી, મંગળભાઈ ચૌહાણ, અમીધર જરદોસ, જીતેન્દ્રભાઈ પુરોહીત તેમજ સભ્યોની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં પ્રાર્થનાથી શરૂઆત થયા પછી તાજેતરમાં ઉત્તરાખંડના વિનાશકપુરમાં માર્યા ગયેલા યાત્રાળુઓને બે મિનિટ મૌન પાળી બેઠકમાં હાજર રહેલા સર્વેએ ઉભા થઈ શ્રધ્ધાંજલિ આપી ઠરાવ પસાર કર્યો હતો. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ કાર્યકારી પ્રમુખ તેમજ મહામંત્રીનું શાબ્દિક તથા પુષ્પગુચ્છથી ડી.પી. સંઘાણી, મંગળભાઈ ચૌહાણ તથા અમીધર જરદોસે સ્વાગત કર્યું હતું. બેઠકની આગળ કાર્યવાહીમાં સભ્ય નિરંજન ઓઝાએ સે-૨ના પેન્શનર્સ સમાજ દ્વારા અત્યાર સુધીમાં કરવામાં આવેલ કાર્યક્રમોની વિગત આપી હતી. પ્રમુખ તેમજ કાર્યકારી પ્રમુખે સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રશ્નો અંગેની જાણકારી આપી હતી અને બેઠકમાં સભ્યો દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રશ્નોની સ્પષ્ટતા કરી સભ્ય સંખ્યા વધારવા અનુરોધ કર્યો હતો. ડી.પી. સંઘાણીએ ભાનુભાઈ દવેનો આભાર માની બેઠકનું સમાપન કર્યું હતું. સમગ્ર બેઠકનું સંચાલન નિરંજન ઓઝાએ કર્યું હતું.



ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૦ અને ૧૨ પરીક્ષાના પરિણામ જાહેર થયા બાદ વિવિધ વિદ્યાશાખાઓમાં પ્રવેશની પ્રક્રિયા આરંભાઈ છે ત્યારે વિદ્યાર્થીના સંલગ્ન પ્રમાણપત્રો લેવાના હોય છે. જે અંતર્ગત ક્રિમીલયર સર્ટી તથા આવક અને જાતની દાખલા માટે ખેડબ્રહ્મા મામલતદાર કચેરીએ શનિવારથી લાઈનો લાગી હતી. જેમાં છ દિવસથી આવતા હોવા છતાં વિદ્યાર્થીઓને જે તે દાખલા મેળવવામાં તકલીફ પડી રહી છે. આ અંગે બાબુભાઈ વક્તાભાઈ પરમાર ૬ દિવસથી નાથાભાઈ મકનાભાઈ પટેલ બે દિવસથી, સુનિલ જયંતિભાઈ પંચાલ ૪ દિવસથી, રમેશભાઈ માધાભાઈ પ્રજાપતિ ૩ દિવસથી, દેવાભાઈ ધુળાભાઈ તરાલ ૫ દિવસથી ધક્કા ખાઈ રહ્યા છે પણ હજુ દાખલા મેળવી શક્યા નથી. ગઈકાલ બુધવાર સાંજના વિદ્યાર્થીઓના ધસારાને જોઈ જનસેવા સેન્ટરના ઓપરેટરોએ જનસેવા કેન્દ્ર અડધા કલાક વહેલું બંધ કરી દીધું હતું. જેથી મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ ઉહાપોહ મચાવી દીધો હતો. જેથી ગુરુવારના રોજ વ્યવસ્થા જાળવવા માટે મામલતદાર દ્વારા પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# દહેગામ ખાતે રચનાત્મક સેવા સમિતિ સંગઠન દ્વારા વિનામુલ્યે ચોપાડા વિતરણ

દહેગામ, તા. ૨૮

દહેગામ ખાતે મ્યુનિસિપલ બોયઝ હાઈસ્કૂલના હોલમાં આજે ગાંધીનગર રચનાત્મક સેવા સમિતિ સંગઠ્ઠન દ્વારા વિનામૂલ્યે ગરીબથી અતિ ગરીબ વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યુંહતું.

આ કાર્યક્રમની શરૂઆત સૌ પ્રથમ મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓ દ્વારા પ્રાર્થના ગીતથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉત્તરાખંડમાં થયેલ હોનારતમાં જે લોકો દેવલોક થયા છે તેમને બે મિનિટનું મૌન પાડી શ્રદ્ધઆંજલિ આપી હતી. તે પછી દહેગામ ધારાસભ્ય કામીનીબા રાઠોડના હસ્તે ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોમાં દહેગામ તાલુકાના ધારાસભ્ય કામિનીબા રાઠોડ, દહેગામ શહેર પ્રમુખ ભુપેન્દ્રસિંહ રાઠોડ, દહેગામ શિક્ષણ સમિતિના ચેરમેન અલકાબેન જોષી, દહેગામ નગરપાલિકાના ઉપપ્રમુખ હિતેન્દ્રસિંહ મકવાણા, મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ ઉષાબેન અમીન તથા ગાંધીનગર રચનાત્મક સેવા સમિતિના સભ્યો, વનરાજસિંહ, શંકરભાઈ પટેલ, મુળજીભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, યોગેન્દ્રભાઈ શર્મા, અનિત ઉપાધ્યાય(સિન્ટી) ભાવેશભાઈ સોની વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર રચનાત્મક સેવા સમિતિ દ્વારા તાલુકાની વિવિધ સ્કૂલોના ગરીબથી અતિ ગરીબ વર્ગના વિદ્યાર્થીઓનું લીસ્ટ મંગાવી ૭૦૦ ડઝન જેટલા ચોપડાનું વિતરણ કરવામાં આવનાર છે. ચોપડાઓના મુખ્ય દાતાશ્રીઓ, પ્રકાશભાઈ પટેલ તેમજ રમેશભાઈ કે. ભરવાડ જેમનું યોગદાન મુખ્ય છે.

## આજે બાયસેગ સ્ટુડિયો દ્વારા માર્ગદર્શન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૮

શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત તા. ૨૯મી જૂને સવારે ૧૦થી ૧૨ કલાક દરમિયાન બાયસેગ સ્ટુડીયો મારફતે શિક્ષકો, વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવશે. આ કાર્યક્રમનું પ્રસારણ બાયસેગ-૧ ચેનલ પરથી કરવામાં આવશે.

# કાપડીયા શાળામાં વાલીઓ-સંચાલકની બેઠક ભાંગી પડી

અમદાવાદ, તા.૨૮

અમદાવાદના મેમનગર વિસ્તારમાં સ્થિત એચ.બી. કાપડીયા સ્કુલમાં ધોરણ ૧ થી ૧૨માં કરવામાં આવેલ રૂપિયા ૩૫૦૦ની ફી વધારા મુદ્દે ગઈકાલે ભારે હોબાળો મચ્ચો હતો ત્યાર બાદ આજે ફી વધારા મુદ્દે વાલીઓ અને સ્કુલ સંચાલકોની બેઠક મળી હતી. જો કે આ બેઠકમાં શાળાના સંચાલક મુક્તક કાપડીયાએ વાલીઓમાં ભાગલા પાડી દેતા બેઠક ઉગ્ર બની હતી જેથી કોઈ નિવેડો આવ્યો ન હતો. ત્યારબાદ માત્ર જુજ વાલીઓએ શાળાના કેમ્પસમાં દેખાવો ચાલુ રાખ્યા હતા. દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

મેમનગર વિસ્તારમાં આવેલી એચ.બી. કાપડીયા સ્કુલમાં ધોરણ ૧ થી ૧૨માં રૂપિયા ૩૫૦૦નો ફી વધારો કરતા વાલીઓમાં રોષ વ્યાપેલો છે. ફી વધારો પાછો ખેંચવાની માંગ સાથે વાલીઓ એક સપ્તાહથી આંદોલન ચલાવી રહ્યા છે દરમિયાન ગુરૂવારે ૫૦૦ જેટલા વાલીઓ શાળાના કેમ્પસમાં હોબાળો મચાવી શાળામાં અચોક્કસ મુદતની હડતાલની જાહેરાત કરી હતી. જેના સંદર્ભમાં આજે સવારે સાત વાગ્યેથી શાળાએ આવતા વિદ્યાર્થીઓ અટકાવવા વાલીઓ સ્કુલ કેમ્પસમાં પહોંચી ગયા હતા. જો કે આજે વાલીઓની સંખ્યા કરતા પોલીસનો કાફલો વધુ હતો.

દરમિયાન વાલી મંડળના ૧૦ અગ્રણીઓ અને શાળાના સંચાલક સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં શાળાના સંચાલક મુક્તક કાપડીયાએ વાલીઓમાં ભાગલા પડાવવામાં સફળ રહ્યા હતા જેના કારણે કેટલાક વાલીઓએ ફી વધારો યોગ્ય હોવાના દલીલ કરતા બેઠક ઉગ્ર બની હતી. જેના કારણે આજની બેઠકમાં પણ કોઈ નિવાડો આવ્યો ન હતો. દરમિયાન બેઠક બાદ ફી વધારા મુદ્દે આંદોલન કરી રહેલા વાલીઓમાં બે ભાગલા પડી ગયા હતા. કેટલાક વાલીઓ ફી વધારાને યોગ્ય ગણાવી રહ્યા છે તો કેટલાક વાલીઓ ફી વધારોનો વિરોધ કરી રહ્યા છે. જો કે વધુ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સતત બીજા દિસે પણ સ્કુલ કેમ્પસને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું હતું. ઉલ્ટાનું આજે વાલીઓ કરતા પોલીસની સંખ્યા વધુ હતી. ઉલ્લેખનીય છે કે ફી વધારાના વિવાદના નિવાડા માટે હવે શાળાના સંચાલક મુક્તક કાપડીયા, વાલીઓ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને બેઠક તારીખ પહેલી જુલાઈના રોજ યોજવાની છે.

# પૂર્વ કેન્દ્રિય પ્રધાન ભાવનાબેન ચિખલિયાનું દુઃખદ નિધન

## હૃદય રોગનો ગંભીર હુમલો થતા શહેરની હોસ્પિટલમાં છેલ્લો શ્વાસ લીધો : ભાજપમાં શોકનું વાતાવરણ છવાયુ

અમદાવાદ, તા.૨૮

ભારતીય જનતા પાર્ટીના મહિલા અગ્રણી તથા જૂનાગઢના સૂર્વ સાંસદ એન ભૂતપૂર્વ કેન્દ્રિય મંત્રી ભાવનાબેન ચીખલીયાનું આજે અમદાવાદ ખાતે હૃદયરોગના હુમલાથી દુઃખદ અવસાન થયું હતું.

સ્વ. ભાવનાબેન ચીખલીયાને થોડા દિવસ પહેલા જ હૃદયની ગંભીર બિમારીને કારણે અમદાવાદની એક ખાનગી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર ચાલતી હતી પરંતુ તેમની તબિયતમાં કોઈ સુધારો નહીં જણાતા તેમને ત્યાંથી ખસેડીને સ્ટર્લિંગ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સ્ટર્લિંગ હોસ્પીટલમાં નાજુક હાલતમાં દાખલ કરાયેલા ભાવનાબેન ચીખલીયા પર ડો. ભાવેશ શાહ અને તેમની ટીમ દ્વારા શસ્ત્રક્રિયા કરી તેમને બચાવી લેવાના છેલ્લી ઘડીના પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ આજે સવારે તેમને એકાએક હૃદયરોગનો હુમલો આવતા તેમનું સ્ટર્લિંગ હોસ્પીટલમાં જ નિધન થયું હતું. સ્વ. ભાવનાબેન ચીખલીયા ચાર ટર્મ સુધી ભાજપના સંસદસભ્ય તરીકે તથા એક વાર કેન્દ્રિય મંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે તેમના પતિ પણ જૂનાગઢના અગ્રણી તબીબ છે. ભાવનાબેન ચીખલીયાના અવસાનના સમાચાર સાંભલી ભાજપના અગ્રણીઓ તથા સર્વાસ્થના કુટુંબીજનો હોસ્પીટલ દોડી આવ્યા હતા જ્યાંથી ભાવનાબેનના પાર્થિવ શરીરને જૂનાગઢ મોકલવાની કામગીરી કરવામાં આવી હતી.

સ્વ. ભાવનાબેન ચીખલીયાના નિધન અંગે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત ભાજપના રાષ્ટ્રીય નેતાઓ તથા કોંગ્રેસના પણ આગેવાનોએ શોકની લાગણી વ્યક્ત કરી હતી અને સદગતને શ્રધ્ધાજંલિ પાઠવી હતી.

# બોખીરીયાને મંત્રી પદેથી દૂર કરવાનો રાષ્ટ્રપતિને અનુરોધ

## ગુજરાત કોંગ્રેસના નેતાઓ, સાંસદો, ધારાસભ્યો વગેરેએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને રૂબરૂ મળી આવેદનપત્ર આપ્યું

અમદાવાદ, તા.૨૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા તથા કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલ અને સિધ્ધાર્થ પટેલ તથા કેન્દ્રીય મંત્રી ડો. તુષાર ચૌધરી, ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિના સચિવો તથા ગુજરાત કોંગ્રેસ પક્ષના તમામ સાંસદો અને ધારાસભ્યોનું એક ઉચ્ચ પ્રતિનિધિ મંડળ આજે ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને મળ્યું હતું. કોંગ્રેસના આ ઉચ્ચ પ્રતિનિધિ મંડળે રાષ્ટ્રપતિને જણાવ્યું હતું કે પોરબંદર વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા અને હાલમાં રાજ્યકક્ષાના કેબીનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયાને પ્રજાની માલિકીની મિલ્કતની ૫૪ કરોડની ચોરીના ગુનામાં સ્થાનિક અદાલતે ૩ વર્ષની કેદની સજા ફરમાવેલ છે. રીપ્રઝન્ટેશન ઓફ ધી પીપલ્સ એક્ટ ૧૯૫૧ની ની જોગવાઈ મુજબ જ્યારે કોઈ પણ ગુનામાં બે વર્ષથી ઓછી નહીં એવી સજા થાય ત્યારે ચૂંટાયેલા ધારાસભ્ય અથવા સંસંદ સભ્યને ડીસક્વોલીફીકેશન (ગેરલાયકાત) લાગુ પડે છે. પ્રતિનિધિ મંડળે રાષ્ટ્રપતિને જણાવ્યું ાપણા દેશની લોકશાહી અને ઈતિહાસમાં એવું ક્યારેય નથી બન્યું કે સરકારમાં બેઠેલ મંત્રીને સજા થઈ હોય અને મંત્રી બેશરમ થઈને સરકારમાં બેસી રહે. આ તે કેવી લોકશાહી કહેવાય? લોકશાહીમાં કોઈ પણ રાજકીય પક્ષ સત્તા ઉપર હોય અને તેના મંત્રીને સજા થાય ત્યારે લોકશાહીની ઉચ્ચત્તમ પ્રણાલી મુજબ મંત્રીએ પોતે જ સરકારમાંથી રાજીનામું આપી દેવું જોઈએ. કોંગ્રેસના આ ઉચ્ચ પ્રતિનિધિ મંડળે રાષ્ટ્રપતિને જણાવ્યું હતું કે આપ બંધારણીય વડા છો અને કાયદાકીય રીતે સજા પામેલા વ્યક્તિ જનસેવલ તરીકે રહી શકે નહીં તેવી જોગવાઈ હોવા છતાં ગુજરાતના મુખ્યમંત્રી સરકારના કેબીનેટ બાબુભાઈ બોખરીયાને મંત્રી મંડળમાંથી દુર કરતા નથી તેથી આપ યોગ્ય પગલા ભરો તેવી વિનંતી કરી હતી.

# ભાવનાબહેનના અચાનક નિધનથી રાજકીય પક્ષોમાં શોકની લાગણી

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જૂનાગઢના પૂર્વ સાંસદ અને ભાજપના મહિલા અગ્રણી શ્રીમતી ભાવનાબહેન ચીખલીયાના અકાળ અવસાન અંગે ઊંડા દુઃખ અને શોકની લાગણી વ્યક્ત કરી છે.

સ્વ. ભાવનાબહેન ચીખલીયાના શોકસંતપ્ત પરિવારને સાંત્વના પાઠવતા શોકસંદેશમાં મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે સતત ચાર ટર્મ સુધી લોકસભાના સભ્ય તરીકે સ્વ. ભાવનાબહેને ભાજપના જનપ્રતિનિધિની સેવા-નિષ્ઠાનો પરિચય કરાવ્યો હતો તેમના અવસાનથી ભાજપના પ્રદેશ સંગઠને નિષ્ઠાવાન કાર્યકર્તા અને ગુજરાતના જાહેરજીવને સેવાભાવી મહિલા અગ્રણી ગુમાવ્યા છે. ગુજરાતના રાજ્યપાલ ડો. શ્રીમતી કમલાજીએ ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રીમતી ભાવનાબહેન ચીખલીયાના નિધન અંગે ઉડા દુઃખ અને શોકની લાગણી વ્યક્ત કરી છે. રાજ્યપાલ તેમના શોક સંદેશમાં જણાવ્યું છે કે સ્વર્ગસ્થ શ્રીમતી ભાવનાબહેન ચીખલીયાએ સંસદ સભ્ય અને કેન્દ્રીય મંત્રી તરીકે ઉલ્લેખનીય સામાજિક સેવાઓ આપી હતી. અમદાવાદના સંસદસભ્ય તથા પૂર્વ કેન્દ્રિય સંરક્ષણ મંત્રી હરિનભાઈ પાઠકે એક શોક સંદેશમાં જણાવ્યું છે કે આજરોજ પૂર્વ કેન્દ્રિય મંત્રી અને પૂર્વ સાંસદ શ્રીમતી ભાવનાબેન ચિખલીયાના દુઃખદ અવસાનથી ખૂબ જ આઘાત લાગ્યો છે. ભાવનાબેન ચિખલીયા કર્તવ્ય નિષ્ઠ, અભ્યાસુ, ખુબ જ જાગૃત, સાંસદ તેમજ મંત્રી તરીકે અમુલ્ય રહ્યા છે. પૂર્વ કેન્દ્રીય રાજ્યમંત્રી અને જૂનાગઢના પૂર્વ સાંસદ શ્રીમતી ભાવનાબેન ચિખલીયાના નિધન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ભાવનાબહેનના નિધનથી ગુજરાતે જાહેર જીવનના એક મહિલા આગેવાન ગુમાવ્યા છે. જેની ખોટ વર્ષો સુધી સાલશે. પરમકૃપાળુ પરમાત્મા તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ અર્પે. ગુજરાત પરિવર્તન પાર્ટીના મહામંત્રી ગોરધનભાઈ ઝડફીયાએ શોક સંદેશો પાઠવતાં જણાવ્યું હતું કે શ્રીમતી ભાવનાબહેન ચિખલીયાએ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા તરીકે સફળ સંસદ સભ્ય અને મહિલા આગેવાન તરીકે સફળ કામગીરી બજાવી છે અને તેમના અવસાનથી જાહેરજીવનને પણ ખોટ પડી છે.

# ડિપ્લોમા એન્જિ. ઓનલાઈન નોંધણીની આજે છેલ્લી જ તક

અમદાવાદ, તા.૨૮

ધોરણ-૧૦ પછી ડિપ્લોમા એન્જિનીયરીંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે અત્યારે કાર્યવાહી ચાલી રહી છે. દરમિયાન ડિપ્લોમા એન્જિનીયરીંગમાં પ્રવેશના નિયમોની જાણકારીના અભાવે રાજ્યના અંદાજે ૭૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઓનલાઈન રજીસ્ટ્રેશનથી વંચિત રહી ગયા છે. તેવી વિગતો એડમિશન કમિટી ડિપ્લોમા કોર્સીસને ધ્યાનમાં આવતા આવા વિદ્યાર્થીઓ માટે ખાસ આવતીકાલે એક દિવસ માટે રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ એડમિશન કમિટી ડિપ્લોમા કોર્સીસ દ્વારા અત્યારે ડિપ્લોમાં એન્જિનીયરીંગમાં પ્રવેશની કાર્યવાહી ચાલી રહી છે. જેમાં ડિપ્લોમા એન્જિનીયરીંગનું પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ પણ જાહેર કરી દેવામાં આવ્યું છે જો કે ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા દરમિયાન જાણકારીના અભાવે રાજ્યના અંદાજે ૭૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ રજીસ્ટ્રેશનથી વંચિત રહી ગયા છે તેવી વાત એડમિશન કમિટી ડિપ્લોમા ક્રોર્સીસને ધ્યાને આવતા આવતીકાલે આ વિદ્યાર્થીઓ માટે રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વિદ્યાર્થીઓને પ્રવેશ સમિટી દ્વારા એસએમએસ કરી જાણ કરી ધ્યાનમાં આવી છે.

## મિલકતો ભાડે આપશે... ● છેલ્લા પાનાનું ચાલુ

બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભ બચ્ચનના એડ કેમ્પેઈનના કારણે ગુજરાતમાં -વાસન -વૃત્તિને વેગ મળ્યો છે ત્યારે -નેપટી વેચવાની જગ્યાએ તેના મેનેજમેન્ટ કોન્ટ્રાક્ટ આપવાનું નક્કી કર્યું છે.

-વાસન નિગમના સૂત્રોના જણાવ્યા -માણે નિગમ પાસે ૩૫ મિલકતો છે અને ૧૬ જગ્યાએ જમીનો આવેલી છે. આ જમીનો પૈકી કેટલીક મહેસૂલ વિભાગને તબદીલ કરવાની થાય છે જેનું ક્ષેત્રફળ ૪.૫૦ લાખ ચોરસમીટર છે. જમીનના વિવાદના કારણે તેને વેચવાનો વિચાર પડતો મૂક્યો છે પણ બાકીની તૈયાર -નેપટી ભાડે આપવા માગે છે તેથી આ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે.

ગુજરાતના -વાસન સ્થળોએ દેશ અને વિદેશમાંથી -વાસીઓનો ઉત્સાહ વધ્યો છે. એક અંદાજ -માણે કુલ -વાસીઓની સંખ્યા ૨.૨૩ કરોડે પહોંચી છે ત્યારે -વાસન નિગમે હવે આ -નેપટીને વેચવાની જગ્યાએ ભાડે આપવાનું ઠરાવ્યું છે. -થમ તબક્કે જે મિલકતોમાં મેનેજમેન્ટ કોન્ટ્રાક્ટ આપવાનો છે તેમાં વલથાણ, સિદ્ધપુર, પાટણ, વિરપુર, હર્ષદમાતા, માધવપુર, અડાલજ અને બાલાસિનોર તોરણ કાફેટેરિટાનો સમાવેશ કરવામાં આવ્યો છે જેની ઈએમડી એમાઉન્ટ એક લાખ થી પચાસ હજાર છે. અને આ તમામ મિલકતોમાં ૧૦ વર્ષ સુધીનો કોન્ટ્રાક્ટ રાખવામાં આવ્યો છે.

**ઓનલાઈન જાહેર નિવિદા નં. ૩ સને - ૨૧૩-૧૪**
**પાટનગર યોજના પેટા વિભાગ નં. ૨૪, ગાંધીનગર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી પાટનગર યોજના પેટા વિભાગ નં. ૨૪ 'બી' બ્લોક પ્રથમ માળ, પાટનગર યોજના, સેક્ટર-૧૬, ગાંધીનગર, પીન-૩૮૨૦૧૬. ફોન નં. : ૦૭૯-૨૩૨૫૯૨૬૨, ૦૭૯-૨૩૨૫૯૨૬૩ દ્વારા ગાંધીનગર ખાતે સેક્ટર-૬માં સરકારી રહેણાંક આર.સી.સી. પ્રીકાસ્ટ પાણીની ટાંકી લગાડવાનું ૧ (એક) કામ જેની અંદાજીત કિંમત રૂ. ૯૮,૯૦૯.૧૭ છે. જેની માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રી ઈ-૨ તથા ઉપરની શ્રેણીનું રજીસ્ટ્રેશન ધરાવતા પાસેથી ઓનલાઈન ભાવપત્રકો મંગાવવામાં આવે છે. જે અમારી વેબ સાઈટ www.rnb.nprocure.com ઉપરથી તા. ૨૯-૬-૧૩ થી તા. ૭-૮-૨૦૧૩ સુધી જોવા મળી શકશે તેમજ ડાઉનલોડ કરી શકાશે. ત્યારબાદ તા. ૯-૭-૨૦૧૩ના રોજ ઓનલાઈન ટેન્ડર અત્રેની કચેરીમાં ૧૨.૩૦ કલાકે ખોલવામાં આવશે તેમજ તા. ૯-૭-૧૩ થી તા. ૧૫-૭-૧૩ સુધીમાં અસલમાં ટેન્ડર ફી નો ડી.ડી. તથા બાનાની રકમ તાજી બેંક, સોલવંશી સર્ટીફિકેટ તથા પાનકાર્ડની નકલ તથા અન્ય દસ્તાવેજો આર.પી.એ.ડી.થી અત્રેની કચેરીના સરનામે મોકલી આપવાના રહેશે. વધારાની માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૬૫૧/૧૩-૧૪

## શબ્દાવલી - ૫૧૦૩




### આડી ચાવી

- ૧. ... કરવું, દેખાડવું (૪)
- ૪. પકવાન, રસોઈની વિવિધતા (૩)
- ૬. પૈસા, ધન (૨)
- ૭. રાજ, સત્તાનું સ્થળ (૪)
- ૧૧. ઠીંગણુ (૨)
- ૧૩. માલનો ઉપાડ - વેચાણ (૩)
- ૧૫. ગયેલું, વીતી ગયેલ (૨)
- ૧૬. બહાદુર (૨)
- ૧૭. હનુમાનજી, કેસરીનંદન (૫)
- ૨૦. ઘઉંની સેવની વાનગી (૩)
- ૨૨. પપ્પાના નાના ભાઈ (૨)
- ૨૪. ડફ, એક વાદ્ય (૩)
- ૨૫. હર ક્ષણ, હર પણ

### ઊભી ચાવી

- ૧. ... કરવું, આપવું (૩)
- ૨. શ્વાસનો રોગ (૨)
- ૩. મગજ..., એક લાયક સફેદ બીયા (૨)
- ૪. દુર્ગંધ (૨)
- ૫. ... મસ્તક, નમાવેલા માથે (૨)
- ૮. મિત્ર, દોસ્ત (૨)
- ૯. દારૂ ભરેલ ગ્લાસ (૨)
- ૧૦. કાગળ કે કાપડ આનાથી કપાય (૩)
- ૧૧. ... કરવી, કહેવું (૨)
- ૧૨. મુસ્લિમોની પ્રાર્થના, બંદગી (૩)
- ૧૪. પાક, પાવન (૩)
- ૧૫. ગોટાળો (૪)
- ૧૭. શ્રદ્ધાંજલિ, ... આપવી (૩)
- ૧૮. લગ્ન, શાદી (૩)
- ૧૯. પોકાર, ઘા (૩)
- ૨૧. રદ્દી (૨)
- ૨૩. હિંમત (૨)

### શબ્દાવલી ૫૧૦૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઉપદેશ (૪) ઉદાર (૭) વાક (૮) દમન (૯) તાસળી (૧૦) બરણી (૧૧) યોજન (૧૪) નત (૧૬) પાતરા (૧૭) ડમરૂ (૧૮) રજો (૧૯) ખમતીધર (૨૨) સડક (૨૩) રીજ

**ઊભી ચાવી :-** (૧) ઉષ્ણતામાન (૨) દેવાળીયો (૩) શક (૪) ઉદર (૫) દામણી (૬) રન (૧૦) બન (૧૨) જમરૂખ (૧૩) પરાગરજ (૧૫) તડજોડ (૧૬) પાવતી (૧૮) રસ (૨૦) મત (૨૧) ધરી